ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૫/૨૧-૨૨/ 983 તારીખ : 24 MAR 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૫/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી મોરડીયા નિતેશભાઈ પુરૂષોતમભાઈ,**
**૨, ગોવિંદપાર્ક સોસાયટી,**
**પાળીયાદ રોડ,**
**બોટાદ.**

**મો.નં– ૭૬૦૦૦ ૦૪૫૬૭.**

**વિષય : ખેતીવાડી વિજ કનેકશન પી.ડી.સી. ન કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૭/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૧/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૧-૨૨/૨૧૬ તા.૨૦/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૧-૨૨/૬૭૪ તા.૨૫/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૮/૦૩/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બરવાળા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૭૫/૨૧–૨૨**

વાદી :– **શ્રી મોરડીયા નિતેશભાઈ પુરૂષોતમભાઈ,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખ:– તા.૦૮/૦૩/૨૦૨૨**

હાજર રહયા :– **શ્રી મોરડીયા નિતેશભાઈ પુરૂષોતમભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એ.એમ. જીવાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ તેમજ**
**શ્રી ડી.કે.ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મોરડીયા નિતેશભાઈ પુરૂષોતમભાઈ, બોટાદ ની ખેતીવાડી વિજ કનેકશન પી.ડી.સી. ન કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૫/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદ ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૫/૨૧–૨૨/૨૧૬ તા.૨૦/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૮/૦૩/૨૦૨૨ ના રોજ અમરેલી વર્તુળ કચેરી ખાતે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મોરડીયા નિતેશભાઈ પુરૂષોતમભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એ.એમ. જીવાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ તેમજ શ્રી ડી.કે.ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ પીજીવીસીએલ બરવાળા દ્વારા અમોએ અરજી આપેલ હોય તે રદ કરી વિજ જોડાણ ની જરૂરીયાત નહી હોવા છતાં, ચાલુ રાખવા માટે મને ફરજ પાડવામાં આવેલ છે. હાલ, વિજ જોડાણ માવજીભાઈ મોહનભાઈ ના નામે આવેલ તે અમોએ જમીન વેચાણ થી રાખેલ હોય, અમારે સરકારી કામોમાં અન્ય જગ્યાએ વિજ બિલ ની જરૂરીયાત ઉભી થતી હોય નામ ટ્રાન્સફર કરવાની પ્રોસેસ થતી નથી કે વિજ જોડાણ રદ કરતા નહી હોય.

૧.૨ પીજીવીસીએલ એક માત્ર પાવર સપ્લાય મોનોપોલી ધરાવતી કંપની હોય, ગ્રાહકોને કોઈ ઓપ્શન નહી મળવાના કારણે ના છૂટકે અમારે આપની કચેરીમાં રજૂઆત કરવાની ફરજ પડે છે. પીજીવીસીએલ દ્વારા અમારા પ્રશ્નોનો કોઈ ઉકેલ લાવવા માંગતી ન હોય, આથી આપ દ્વારા અમોને કાયદાકીય રીતે ન્યાય અપાવવા માટે કાર્યવાહી કરાવી આપવા માટે સહકાર આપશો તેવી અપેક્ષા સાથે વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ આ અગાઉ સાળંગપુર ગામે સર્વે નં–૨૭૫ માં અરજદાર દ્વારા ૫.૦ હો.પા. નું નવું ખેતીવાડી વિજ જોડાણ લેવા માટે અરજી કરેલ. પરંતુ, સદર માંગણી વાળા સર્વે નંબર માં ગ્રાહક નં– ૩૬૩૩૨/૦૦૬૧૬/૧ થી માવજીભાઈ મોહનભાઈ ના નામનું ૭.૫ હો.પા.નું વિજ જોડાણ હયાત હોવાથી બીજું વિજ જોડાણ આપી શકાય તેમ ન હોવાથી જેની જાણ અરજદારશ્રી ને પત્ર નં–બીઆરએલ/ટેક/૪૯૧૬ તા.૦૯/૦૭/૨૦૨૧ થી કરેલ. ત્યારબાદ, તેમના દ્વારા તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ સદર વિજ જોડાણ આપવા બાબતની અરજી કરેલ. જે સબબ બરવાળા પે.વિ.કચેરી દ્વારા પત્ર નં– બીઆરએલ/ટેક/૫૨૮૨ તા.૩૦/૦૭/૨૦૨૧ ના રોજ પ્રત્યુતર પાઠવેલ છે.

૨.૨ ત્યારબાદ, તારીખ ૧૭/૧૨/૨૦૨૧ ના રોજ અરજદારશ્રી નિતેશભાઈ પી.મોરડીયા, રહે.બોટાદ દ્વારા સર્વે નં–૨૭૫, ગામ–સાળંગપુર માં આવેલ માવજીભાઈ મોહનભાઈ નામના ખેતીવાડી વિજ જોડાણ ગ્રાહક નં– ૩૬૩૩૨/૦૦૬૧૬/૧ ને કાયમી ધોરણે રદ કરવા અરજી કરેલ તથા તેમણે અરજી સાથે સર્વે નંબર–૨૭૫ (નવો) ના નમૂના નંબર ૭–૧૨, ૮–અ, ગામ નમૂના નંબર–૬, ઓનલાઈન લાઈટ બિલ ની નકલ અને માવજીભાઈ મોહનભાઈના મરણ નો દાખલો જોડેલ છે.

૨.૩ સદર વિજ જોડાણ માવજીભાઈ મોહનભાઈના નામે હોય તેમજ જે હયાત ન હોવાથી તેમના વારસદારોની જરૂરી સંમતિ રજૂ કર્યા બાદ નામ ફેરફાર કે રદ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે તે બાબતની જાણ બરવાળા પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રી નિતેશભાઈ પી.મોરડીયા ને પત્ર નં–બીઆરએલ/૮૦૫૩ તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે.

૨.૪ વધુમાં, બરવાળા પેટા વિભાગીય કચેરી દ્વારા માવજીભાઈ મોહનભાઈ ના વારસદાર (૧) વિનોદભાઈ મોહનભાઈ (૨) જેન્તીભાઈ માવજીભાઈ ને અનુક્રમે રજી. એડી દ્વારા પત્ર નં – બીઆરએલ/ટેક/૫૦૮ તા.૨૭/૦૧/૨૦૨૨ અને પત્ર નં–બીઆરએલ/ટેક/૧૧૮૧ તા.૦૮/૦૨/૨૦૨૨ થી તેમનું વિજ જોડાણ રદ કરવા માટે કરવામાં આવેલ અરજી થી માહિતગાર કરેલ તેમજ આ વિજ જોડાણ ની માલીકી તેમજ સર્વે નંબરની માલીકીના આધાર પુરાવા સાથે આ વિજ જોડાણ શા માટે ન હટાવવું કે રદ કરવું તેની સ્પષ્ટતા દિવસ–૭ માં લેખિતમાં કરવા જણાવેલ.

૨.૫ માવજીભાઈ મોહનભાઈ ના વારસદાર શ્રી (૧) વિનોદભાઈ મોહનભાઈ દ્વારા ઉપરોક્ત પત્ર નં–૫૦૮ તા.૨૭/૦૧/૨૦૨૨ ન સ્વીકારતા પરત આવેલ છે. જયારે, જેન્તીભાઈ માવજીભાઈ દ્વારા સદર પત્ર તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ સ્વીકારેલ છે. જેથી, વિનોદભાઈ મોહનભાઈ ને સદર વિજ જોડાણ રદ કરવા બાબતે અરજી અંગે અને આ વિજ જોડાણ ની માલીકી તેમજ સર્વે નંબર ની માલીકીના આધાર પુરાવા સાથે આ વિજ જોડાણ શા માટે હટાવવું કે રદ કરવું તેની સ્પષ્ટતા દિવસ–૭ માં લેખિતમાં કરવા તા.૦૫/૦૩/૨૦૨૨ ના રોજ ફરીથી લેખિત પત્ર નં–બીઆરએલ/ટેક/૨૩૩૮ તા.૦૫/૦૩/૨૦૨૨ દ્વારા રૂબરૂ કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૬ આમ, સદર વિજ જોડાણ માવજીભાઈ મોહનભાઈના નામે હોય તેમજ જેઓ હયાત ન હોવાથી તેમના બંને વારસદારોને આ વિજ જોડાણ રદ કરવા અરજદારશ્રી નિતેશભાઈ પી.મોરડીયા દ્વારા અરજી કરેલ છે તે અંગે વાકેફ કરેલ છે તેમજ સદર સર્વે નંબર વાળી જમીન ના માલીકીના આધાર પુરાવા રજૂ કરવા નોટીસ દ્વારા જાણ કરેલ છે. અરજદારશ્રી નિતેશભાઈ પી મોરડીયા એ રૂબરૂ જણાવેલ કે, હાલ તેઓ સદર સર્વે નં–૨૭૫ નો કબજો ધરાવતા નથી આથી, આ ખેતીવાડી વિજ જોડાણ હાલ પી.ડી.સી. કરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી નિતેશભાઈ પુરૂષોતમભાઈ મોરડીયા, ગામ–બરવાળા ની રજૂઆત છે કે, તેમના માલીકી કબ્જાવાળી જમીન સર્વે નં–૨૭૫ માં વિજ કનેકશન ની જરૂર હોઈ, પ્રતિવાદી ની કચેરી દ્વારા હાલ તે જગ્યા પર એક કનેકશન હોઈ, બીજું કનેકશન ન આપી શકાય તેમ જણાવેલ છે. તેમજ તે જગ્યાવાળુ કનેકશન તેમના નામે ટ્રાન્સફર કરી આપતા નથી કે કાયમી ધોરણે રદ કરતા નથી.

૩.૨ પ્રતિવાદી જણાવે છે કે, ગામ–સાળંગપુર ગામે સર્વે નં–૨૭૫ વાળી જમીન પર જગ્યાના અગાઉ માલીક શ્રી માવજીભાઈ મોહનભાઈ ના ૭.૫ હો.પા.નું વિજ કનેકશન હયાત હોઈ, અરજદાર ની માંગણી મુજબ નું ૫ હો.પા. નું નવું કનેકશન આપી ન શકાય.

પરંતુ, પ્રતિવાદીની કચેરી દ્વારા અગાઉના ખેતીવાડી કનેકશન ના માલિક સ્વ.શ્રી માવજીભાઈ મોહનભાઈ ના બંને વારસદાર પુત્રોને તા.૦૮/૦૨/૨૦૨૨ તથા તા.૦૫/૦૩/૨૦૨૨ દ્વારા નોટીસ/પત્ર થી સદરહુ જમીન તથા ખેતીવાડી વિજ કનેકશન ની માલીકી અંગેના આધાર પુરાવા રજૂ કરવા જણાવેલ તથા કાયમી ધોરણે રદ કરવા માટેની અરજદારની અરજી ની પણ જાણ કરેલ છે. જેના બંને વારસદારો દ્વારા કોઈ પ્રત્યુતર કરવામાં આવેલ નથી.

૩.૩ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન બંને પક્ષોએ પાતાની લેખિત–મૌખિક રજૂઆત કરી જરૂરી દસ્તાવેજો રજૂ કરેલ છે. વાદી દ્વારા હાલ જગ્યા પર કબજો મેળવેલ નથી. પરંતુ, તે જગ્યા તેના નામે હોવાના દસ્તાવેજ, ૭–૧૨, ૮–અ, તેના નામે હોવાનું જણાવેલ છે.

૩.૪ આ તબકકે ફોરમને જણાય છે કે, GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૧૬ તથા ૪.૭૦ ને ધ્યાને લેતાં, સ્પષ્ટ જણાય છે કે, માલીકી વાળી જમીન પર નું ખેતીવાડી કનેકશન ના નામ ફેરફાર માટે અગાઉના માલીકની સંમતિ કે '' નો ઓબ્જેકશન સર્ટીફીકેટ '' ની જરૂર રહેતી નથી.

૩.૫ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ અરજદારને સર્વે નં–૨૭૫ વાળી જગ્યા પર ખેતીવાડી કનેકશનમાં માંગ્યા મુજબનું નામ ફેરફાર કંપની ના નિયમોનુસાર કરી આપવા દિવસ–૧૫ માં કાર્યવાહી કરવી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar *

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.: ભાવનગર.**

તારીખ :– ૦૮/૦૩/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar